GJDH030026752024

રજુ તારીખ :૧૯/૦૭/૨૦૨૪
દાખલ તારીખ :૧૯/૦૭/૨૦૨૪
જજમેન્ટ તારીખ:૧૨/૦૮/૨૦૨૬
અવધિ :વર્ષ–માસ–દિન
૦૨– ૦૦– ૨૪

નામદાર સુપ્રીમ કોર્ટના **SUO MOTO WRIT(CRL) NO.(S)** 1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર **VI** ના **179–A** અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તારીખ ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

**FORM–A**

---

દેવગઢ બારીઆના મહેરબાન એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. દેવગઢબારીઆ, જિલ્લો – દાહોદ.

---

શ્રી એસ. ઓ.ગર્ગ, એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
મુ. દેવગઢ બારીઆ.

ચુકાદાની તારીખ – **૧૨/૦૮/૨૦૨૬**

ક્રીમીનલ કેસ નંબર:૨૧૪૮/૨૦૨૪

આંક– ૩૦

| એફઆઇઆરની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન. | |
|---|---|
| પોલીસ સ્ટેશન | દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન. |
| ગુનો | ભારતીય દંડ સંહિતા અધિનિયમની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૩,૧૮૧ |
| તોહમતનામાં મુજબ તોહમત | ભારતીય દંડ સંહિતા અધિનિયમની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૩,૧૮૧ |
| ફરિયાદી | શ્રી સરકાર |
| વિદ્વાન એ પી પી શ્રી | એસ. એમ. ડામોર |

| | |
|---|---|
| આરોપી | સંજયકુમાર બાબુભાઇ પટેલ,<br>રહે.– ગોકુલ સોસાયટી, દેવગઢ બારીઆ, તાલુકો – દેવગઢ બારીઆ, જીલ્લો – દાહોદ. |
| આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રી | એમ. એન. રાણા |

## FORM–B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૯/૦૮/૨૦૧૭. |
| ફરિયાદની તારીખ | ૦૯/૦૮/૨૦૧૭. |
| ચાર્જશીટની તારીખ | ૧૯/૦૭/૨૦૨૪. |
| તહોમત ફરમાવ્યા/પ્લીની તારીખ | ૨૭/૦૯/૨૦૨૪. |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૨૭/૦૯/૨૦૨૪. |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | ૧૧/૦૮/૨૦૨૬. |
| ચુકાદા તારીખ | ૧૧/૦૮/૨૦૨૬. |
| સજાના હુકમની તારીખ જો હોય તો | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા હોય છે કે કસૂરવાર ? | શું સજા કરી | ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ: ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | સમય દરમિય ાન કેટલો સમય કાચા કામના કેદી તારીકે રહેલા છે. |
| ૧. | સંજય કુમાર બાબુ ભાઇ પટેલ | ૦૯/૦ ૮/૨૦ ૧૭ | ૦૯/૦ ૮/૨૦ ૧૭ | ભારતીય દંડ સંહિતા અધિનિ યમની કલમ– ૨૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૩,૧૮૧ | આરોપી ને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |

## FORM–C

ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ.

ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો

(અ) ફરિયાદ પક્ષ તરફે

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી – વાલુભાઇ વીરસીંગભાઇ નીનામાની જુબાની | ૧૬ |
| ૨ | પંચસાહેદ – નરવતભાઇ ધનસુખભાઇ બારીઆની જુબાની | ૧૮ |

| | | |
|---|---|---|
| ૩ | પંચસાહેદ – પ્રતાપભાઈ ધીરાભાઈ બારીઆની જુબાની | ૨૭ |
| ૪ | ત.ક.અ. – નરવતસિંહ ફતેસિંહ બારીઆની જુબાની | ૨૮ |

(બી) બચાવ પક્ષે જો સાહેદ હોય તો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | –– | – |

(સી) કોર્ટ તરફે સાહેદ.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | –– | – |

<u>ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજી પુરાવો</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૭ |
| ૨ | આરોપીની શરીર સ્થિતિનું તથા ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૯ |

<u>બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | –– | – |

<u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા.</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | –– | – |

<u>મુદ્દામાલની વિગત</u>

| અ.નં. | વિગત |
|---|---|
| – | –– |

## –:જજમેન્ટ :–

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તારીખ ૦૯/૦૮/૨૦૧૭ ના રોજ કલાક ૧૦:૨૫ વાગે મોજે ટાવવર પાસે રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાના છકડા નં. જી.જે.–૨૦–વી–૪૨૪૧ને જાહેર રોડ ઉપર આવતાં જતાં રાહદારીઓની તથા પોતાની જિંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી સાથે ડ્રાઈવીંગ લાયસન્સ તથા ગાડીના કાગળો સાથે નહી રાખી પકડાઇ જઇ ગુનો કરેલ છે. જેથી આ કામના ફરીયાદીએ સદર બનાવ અંગેની ફરીયાદ દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે.

(૨) ફરિયાદીની સદર ફરિયાદ દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશને સેકન્ડ ગુના રજીસ્ટર નંબર ૧૨૧/૨૦૧૭ થી નોંધી આ ફરિયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીને તપાસ મળતા તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીની શરીર સ્થિતિનું પંચનામું તથા સાહેદોના નિવેદનો નોંધેલ તથા તપાસ કરીને તપાસના અંતે આરોપીની સામે ભારતીય દંડ સંહિતા અધિનિયમની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૩,૧૮૧ મુજબના ગુના સબબના પુરતા પુરાવાઓ પડેલ હોય તે બદલનું ચાર્જશીટ ફાઇલ કરેલ છે.

(૩) આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઇલ થતા ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે સમન્સ કાઢવામાં આવતાં આરોપી તેના વિધ્વાન વકીલશ્રી મારફતે અત્રેની અદાલત રૂબરૂ ઉપસ્થિત થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ (જેને હવે પછી ટુંકમાં બી.એન.એસ.એસ.–૨૦૨૩ તરીકે સંબોધેલ છે) ની કલમ–૨૩૧ મુજબ પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ– ૨૭૪, મુજબ આરોપીને તેઓની સામેનો ગુનો વાંચી સમજાવી સંભળાવીને આંક–૦૪ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેની સમક્ષનાં ગુનાનો ઇન્કાર કરતાં

આરોપી સામેનું તહોમત પુરવાર કરવા ફરીયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાની મૌખિક જાહેરાત કરતાં આ કામે રેકર્ડ ઉપર પુરાવો ધ્યાને રાખતાં આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે અને જણાવેલ છે કે તેઓની સામે ખોટો કેસ કરવામાં આવેલ છે. તેઓ નિર્દોષ છે અને છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૫) ત્યારબાદ વિ.વ.શ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી દ્વારા  ખુબ જ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

(૬) સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા,ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–//મુદ્દા//–**

**(૬.૧)** શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઇ તારીખ ૦૯/૦૮/૨૦૧૭ ના રોજ કલાક ૧૦:૨૫ વાગે મોજે ટાવવર પાસે રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાના છકડા નં. જી.જે.–૨૦–વી–૪૨૪૧ને જાહેર રોડ ઉપર આવતાં જતાં રાહદારીઓની તથા પોતાની જિંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી સાથે ડ્રાઈવીંગ લાયસન્સ તથા ગાડીના કાગળો સાથે નહી રાખી પકડાઇ જઇ ભારતીય દંડ સંહિતા અધિનિયમની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૩,૧૮૧  મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

**(૬.૨)** શું અંતિમ હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

**(૭.૧)** નકારમાં,

**(૭.૨)** આખરી હુકમ મુજબ.

**–: નિર્ણયો માટેના કારણો :–**

**(૮) મુદ્દા નં. ૧ વિશે ચર્ચા :–**

**(૮.૧)** આ કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૩,૧૮૧, ૧૯૬ મુજબનો ગુનો આક્ષેપાયેલ છે. જેની સાબિતી માટે ફરિયાદ પક્ષે કુલ ચાર સાહેદોને તપાસવામાં આવેલ છે. ભારતીય દંડ સંહિતા અધિનિયમની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૩,૧૮૧, ૧૯૬ ની સાબિતી માટે ફરિયાદ પક્ષે આ કામના આરોપીએ પોતાના કબજાના છકડા નં. જી.જે.–૨૦–વી–૪૨૪૧ ને જાહેર રોડ ઉપર આવતાં જતાં રાહદારીઓની તથા પોતાની જિંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી સાથે ડ્રાઈવીંગ લાયસન્સ તથા ગાડીના કાગળો સાથે નહી રાખી પકડાઇ ગયેલ હોય તેવું સાબિત કરવાનું રહે છે.

**–: ફરિયાદ પક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન:–**

**(૮.૨)** હવે, હાથ ઉપરના કેસના તથ્યો તરફ વળીએ તો આ કામના ફરીયાદીએ એ મુજબનો આક્ષેપ કરેલ છે કે આ કામના આરોપીએ બનાવવાળી જગ્યા, સમય અને સ્થળે પોતાના કબજાના છકડા નં. જી.જે.–૨૦–વી–૪૨૪૧ ને જાહેર રોડ ઉપર આવતાં જતાં રાહદારીઓની તથા પોતાની જિંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી સાથે ડ્રાઈવીંગ લાયસન્સ તથા ગાડીના કાગળો સાથે નહી રાખી પકડાઇ જઇ ગુનો કરેલ છે. જે બાબતે રેકર્ડ ઉપર રજુ ફરિયાદી તથા તથા પંચસાહેદોની જુબાની તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદો પોલીસ કર્મચારી છે. તેમજ આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદો પંચનામાને સમર્થન

કરેલ નથી. તેમજ આ કામે આંક–૧૬ થી તપાસવામાં આવેલ ફરીયાદી વાલુભાઇ વીરસીંગભાઇ નિનામાં પોલીસ કર્મચારી હોય તેઓએ રેકર્ડ મુજબની જુબાની આપેલ છે. તેમજ સદર કામે ફરીયાદીએ તેમની ઉલટ તપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે બનાવવાળી જગ્યાએ હાઈવે રોડ આવેલ છે અને બનાવવાળી જગ્યાની આજુબાજુ દુકાનો આવેલ છે. તેમજ એ વાત કબુલ રાખે છે કે ત્યાંથી ઘણાં બધા માણસો તથા વાહનો પસાર થાય છે તેમજ એ વાત કબુલ રાખે છે કે વાહન કેટલી સ્પીડમાં હતુ તે તેઓની ફરિયાદમાં જણાવેલ નથી. તેમજ એ વાત કબુલ રાખે છે કે તેઓએ કોઇ સ્પીડોમીટરથી સ્પીડ માપેલ નથી. તેમજ એ વાત કબુલ રાખે છે કે આરોપી કેટલી સ્પીડમાં પોતાનું વાહન ચલાવતાં હતાં તે તેઓની ફરિયાદમાં જણાવેલ નથી. તેમજ એ વાત કબુલ રાખે છે કે જે તે સમયે તેઓ પાસે સ્પીડમાં માપવાનું કોઇ યંત્ર ન હતું. જયારે આંક–૨૮ થી ત.ક.અ. નરવતસિંહ ફતેસિંહ બારીઆનાઓને તપાસવામાં આવેલ છે. જેઓ પણ પોલીસ સાહેદ હોય તેમણે રેકર્ડ મુજબનો પુરાવો આપેલ છે. જયારે સદર ત.ક.અ. તેમની ઉલટ તપાસમાં એ વાત કબુલ રાખે છે કે દેવગઢ બારીઆ ટાઉન વિસ્તામાં ભરચક વસ્તી આવેલ છે. તેમજ એ વાત કબુલ રાખે છે કે બનાવવાળી જગ્યાએ હાઈ વે રોડ છે અને ત્યાંથી ઘણાં બધા વાહનોની અવર જવર રહે છે. આમ, ફરિયાદી તથા ત.ક.અ.ની જુબાની પરથી આરોપીની ઓળખ પ્રસ્થાપિત થાય છે પરંતુ આરોપી પોતાના કબજાના વાહનને વગર લાયસન્સે તથા ગાડીના કાગળો સાથે નહી રાખી ગફલતભરી રીતે ચલાવતાં હોય તે બાબત સાબિત થતી નથી અને તેથી ફરિયાદીની જુબાની ઉપરથી આરોપી સામેના આક્ષેપો શંકાથી પર સાબિત થતાં હોય તેવું જણાય આવતું ન હોય ત્યારે રજુ થયેલ પંચનામા અને ફરીયાદના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહી.

(૯) આમ, આ કામના આરોપી સામે આક્ષેપાયેલ ગુનો ફરિયાદ પક્ષ શંકાથી પર સાબિત કરી શકેલ ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: આખરી હુ ક મ ::–**

**(૧)** આ કામના આરોપી **સંજયકુમાર બાબુભાઇ પટેલ, રહે.– ગોકુલ સોસાયટી, દેવગઢ બારીઆ, તાલુકો – દેવગઢ બારીઆ, જીલ્લો – દાહોદનાઓને** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૭૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા અધિનિયમની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૩,૧૮૧ મુજબનાં ગુનાના કામે શંકાનો લાભ આપી નીર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૨)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ આરોપીએ આપેલ જામીન ૬ મહિના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો:– આજરોજ તા. ૧૨મી, માહે – ઓગસ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ– ૧૨/૦૮/૨૦૨૬**
**સ્થળઃ – દેવગઢ બારીઆ**

**( સંજયકુમાર ઓ. ગર્ગ )**
**એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ**
**કોડ નં. જીજે૦૧૭૩૮.**